રેગ્યુલર દિવાની મુકદમા ક્રમાકઃ૩૦/૨૦૧૬

**આંક-૮૬ તથા ૮૭ ની અરજી લગત સંયુકત હુકમઃ-**

(૧) વાદીપક્ષે આંક-૮૭ થી પ્રતિવાદીના વારસોને રેકર્ડ ઉપર લાવી હાલના દાવાની કાર્યવાહી આગળ ચલવવા માટેની અરજી રજુ રાખેલ છે. સદરહું અરજી રજુ કરવામાં થયેલ વિલંબ માફી તથા એબેટમેન્ટ સેટે એસાઈડ કરવા માટે આંક-૮૬ થી અરજી રજુ રાખેલ છે.

(૨) ઉકત પ્રતિવાદી નં-૩ તા.૩૧.૧૨.૨૦૨૮ ના રોજ અવસાન પામેલ તેમજ હાલની વારસો જોડી દાવાની કાર્યવાહી આગળ ચલવવાની અરજી તા.૨૦.૧૦.૨૦૨૧ ના રોજ રજુ રાખવામાં આવેલ છે. તેમજ હાલની અરજી સહ રજુ વિલંબ અરજીમાં રજુઆત છે કે, તેઓને પ્રતિવાદીના અવસાનની જાણ તા.૦૫.૦૩.૨૦૨૧ ના રોજ થવા પામેલ ત્યારબાદ કોરોના મહામારીના કારણસર લોકડાઉન તથા અદાલતની પ્રકિયા બંધ હોવાથી અરજી રજુ રાખવામાં વિલંબ થયેલ છે.

(૩) આમ, હાલની અરજી વંચાણે લેતા હાલના દાવાનું કારણ ચાલુ રહેતુ હોય સદરહું અરજી મંજુર કરવી ન્યાયોચીત જણાય છે. વધુમાં સદરહું અરજી રજુ કરવામાં થયેલ વિલંબ અંગે જણાવેલ કારણ ધ્યાને લેતા વાદીપક્ષે વિલંબ અંગે યોગ્ય કારણ રજુ કરેલ હોય વધુમાં સમય મર્યાદાનો કાયદો પ્રકિયાત્મક કાયદો હોય તેમજ વિલંબ માફી અંગેના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાતો ધ્યાને લઈ દાવાનો આખરી નિકાલ યોગ્ય અને વ્યાજબી રીતે થઈ શકે તે હેતુસર વિંલબ માફીની અરજી પણ મંજુર કરવી ન્યાયોચીત જણાય છે.

(૪) આમ, ઉકત હકીકતે આંક-૮૬ ની વીલંબ માફી તથા એબેટમેન્ટ સેટ અસાઈડ કરવાની તેમજ આંક-૮૭ થી પ્રતિવાદી નં-૩ ના વારસો રેકર્ડ ઉપર લાવવાની તથા દાવા અરજી સુધારવાની અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:હુકમ:-

(૧) વાદીપક્ષે પ્રતિવાદી નં-૩ ના વારસો રેકર્ડ ઉપર લાવવા અંગે થયેલ વિલંબ માફીની તેમજ એબેટમેન્ટ સેટ અસાઈડ કરવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) વાદીપક્ષે પ્રતિવાદીના વારસોને રેકર્ડ ઉપર લાવવાની તથા દાવા અરજી સુધારવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૩) દાવા અરજીમાં નિયત સમયમાં જરૂરી સુધારો કરવો તેમજ સુધારેલી દાવા અરજી રજુ રાખવી.

તા.૦૪.૦૧.૨૦૨૨
સ્થળ: પલસાણા

હાર્દિક સાગરભાઈ દેસાઈ,
અધિક સીવીલ જજ, પલસાણા
જજ કોડ જીજે૦૧૫૨૬